ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૪ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૫ ટકા

# શહેરમાં આગામી સપ્તાહે લગ્નોનો માહોલ

## તા. ૧૦-૧૧ ડિસેમ્બરે સૌથી વધુ લગ્નોના આયોજન : સરેરાશ શહેરીજનના ઘરે બે થી ત્રણ આમંત્રણ પત્રિકા
## વૈશાખના મુલત્વી રહેલા લગ્નોના આયોજનો અત્યારે કરાયા હોવાથી પણ સંખ્યામાં વધારાનો અંદાજ

ગાંધીનગર, તા.૮

શહેરમાં લગ્નસરાની સીઝન પૂરબહારમાં ખીલી ઉઠી છે અને આગામી તા. ૧૦ અને ૧૧ ડિસેમ્બરે પણ ખૂબ જ મોટી સંખ્યામાં લગ્ન સમારંભોના આયોજન પાટનગરમાં થવા પામ્યા છે જેના પગલે લગભગ દરેક નાગરિકના ઘરે ઓછામાં ઓછી હવેથી ત્રણ આમંત્રણ પત્રિકાઓ પડી હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. એક તરફ શહેરમાં કોરોના વાયરસના વધેલા સંક્રમણને પગલે તંત્ર ચિંતિત છે અને સરેરાશ નાગરિકો પણ સતત વધતા કોરોના પોઝિટિવ કેસોની સંખ્યાને કારણે અવઢવમાં છે ત્યારે જે રીતે લગ્નોના આયોજનો થઈ રહ્યા છે તેમાં હાજરી આપવી કે નહીં અથવા કયા કયા સમયે કેટલી હાજરી આપવી તે અંગે નાગરિકો વિચારણા કરી રહ્યા છે.

જયારથી કોરોના સંક્રમણની સ્થિતિ વધવા લાગી ત્યારથી જ સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક આયોજનો ખોરંભે ચઢી ગયા છે. લોકડાઉન પછી કોવિડ-૧૯ની ગાઈડલાઈનના આધારે અર્થતંત્ર તો ધબકતું થઈ ગયું અને શિક્ષણ તથા સાંસ્કૃતિક આયોજનોએ ઓનલાઈનનું શરણું મેળવી લીધું પરંતુ સામાજિક પ્રસંગો માટે હજુ પણ ઘણા મતમતાંતર જોવા મળી રહ્યા છે. ઓનલાઈન લગ્ન વિધીના એકાદ બે કિસ્સા માધ્યમોમાં ચમકયા પરંતુ તે હજુ સર્વ સ્વીકૃત બની શકયું નથી. આપણા સમાજમાં લગ્ન પ્રસંગ ખૂબ જ અગત્યનું સ્થાન ધરાવે છે અને તે બે વ્યકિત પુરતી બાબત નથી ગણાતી બલ્કે બે પરિવારોના સામાજિક સ્ટેટસ સાથે સંકળાયેલી ઘટના હોવાથી તેમાં બાંધછોડ કરવા જલ્દી નાગરિકો તૈયાર થતાં નથી. વળી, ગત વૈશાખ માસના લગ્નસરાના મુહુર્તમાં લોકડાઉનના કારણે તમામ લગ્ન સમારંભો કેન્સલ રહ્યા હતા તે પૈકીના મોટાભાગના લગ્નો અત્યારે આયોજિત થયા છે જેના કારણે લગ્નોની સંખ્યા વધી જવા પામી છે. આ સાથે કોરોના વેકિસન હજુ દરેક નાગરિકો સુધી પહોંચતા એક થી વધુ વર્ષ લાગશે તે સ્પષ્ટ થઈ ગયું હોવાથી પણ હવે પોતાના ઘરના શુભ પ્રસંગને વધુ પાછળ ઠેલવા આયોજકોનું મન માનતું નથી અને કોરોના સાથે અનુકુલન સાધીને પણ પ્રસંગને પતાવવું મુનાસિબ માની રહ્યા હોવાથી લગ્ન સમારંભોની સંખ્યામાં ઘટાડો શકય બન્યો નથી.

આગામી સપ્તાહે યોજાનારા લગ્ન સમારંભોની સંખ્યા જોતા કોરોના સંક્રમણ હજુ જલ્દીથી નિયંત્રણમાં આવશે કે કેમ તે ચર્ચાનો વિષય છે પરંતુ હાલ તો શહેરીજનો કોરોના કાળમાં પણ મનભરીને લગ્નસરાંની સીઝનનો આનંદ પ્રાપ્ત કરી રહ્યા છે. જો કે સામાન્ય સંજોગો કરતા અત્યારના લગ્ન સમારંભો કોરોનાને કારણે અને ગાઈડલાઈનની મર્યાદાને પગલે થોડાં ફિક્કાં જરૂર પડયા છે.



### ‘ભારત બંધ’ની અસર ગુજરાતમાં ઓછી રહેતા હાશકારો...!!

**શહેરમાં તા. ૬, ૭ અને ૮ ડિસેમ્બરે પણ લગ્ન સમારંભોના મોટી સંખ્યામાં આયોજનો જોવા મળ્યા હતા. જેમાં આજે તા. ૮મી ડિસેમ્બરે ખેડૂતોના આંદોલનના ભાગરૂપે આપવામાં આવેલા ‘ભારત બંધ’ના એલાનને કારણે લગ્ન સમારંભના આયોજકો ચિંતિત જણાયા હતા. ખાસ કરીને રાજસ્થાન-મહારાષ્ટ્ર જેવા સામાજિક રીતે નીકટતાથી જોડાયેલા પડોશી રાજયોમાંથી આવનારા મહેમાનો અથવા તે રાજયોમાં લગ્ન પ્રસંગે હાજરી આપીને પરત ફરતા શહેરીજનો સહિત લગ્નોમાં ફોટોગ્રાફી, બ્યુટીપાર્લર, કેટરીંગ, ડેકોરેશન, સંગીત નૃત્ય વગેરે સેવાઓ સાથે સંકળાયેલા વ્યવસાયિકો અવરજવર માટે ચિંતિત બન્યા હતા. કેમ કે દરેકને હાઈવે ચક્કાજામ થવાનો ડર સતાવતો હતો. જો કે ગુજરાતમાં બંધની અસર નહીંવત રહેતા તમામે હાશકારો અનુભવ્યો હતો.**





તાજેતરમાં ગાંધીનગર જિલ્લાની તમામ કોવિડ હોસ્પિટલો ખાતે ફાયર સેફટીની મોકડ્રીલ કરવામાં આવી હતી. જેમાં ફાયર સેફટીના એક્સપર્ટ તેમજ રીજનલ ફાયર સેફટી ઓફિસની ટીમ દ્વારા ૧ સરકારી તેમજ ૧૧ ખાનગી હોસ્પિટલો જેવી કે, એપોલો, એમએમવીએસ, પીએસએમ, આશ્કા, આશીર્વાદ (ખોરજ), આઈકોન (અડાલજ), સરમાઉન્ટ, આદર્શ(કલોલ), રૂચિ હોસ્પિટલમાં કોવિડ સ્ટાફને ફાયર સેફટી અંગે તાલીમ આપવામાં આવી હતી. આગ લાગે ત્યારે શું શું પગલા ભરવા, ખાસ શું તકેદારી રાખવી, આગ કાબુમાં કેવી રીતે લેવી જેવી વિવિધ માહિતી આપવામાં આવી હતી.

## ઈન્દ્રોડા ખાતે કારનો કાચ તોડી બેગની ઉઠાંતરી

### બેગમાં કેમેરાનો લેન્સ, મેમરી કાર્ડ, ચાર્જર અને કી-પેડ મોબાઈલ હતો

ગાંધીનગર, તા. ૮

ઈન્દ્રોડા ગામના સંત સરોવર પાસે પાર્ક કરેલી કારનો કાચ તોડી બેગની ઉઠાંતરી થવા પામી છે. બે મિત્રો ફોટોગ્રાફી કરવા માટે ગયા હતા, ત્યારે સાંજના સમયે ચોરીની ઘટના બની હતી. બેગમાં કેમેરાનો લેન્સ, ચાર્જર અને મેમરી કાર્ડ હતું. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨ બી પ્લોટ નં૪૩૬-૨ ખાતે રહેતા ૩૬ વર્ષિય ચિરાગ અશોકકુમાર પાલકર પોતાના પરિવાર સાથે રહે છે. ત્યારે ગત તા.૨ ડિસેમ્બરના રોજ બપોરના ત્રણ વાગ્યાના અરસામાં સેકટર-૭ ખાતે રહેતા મિત્ર ડો.વિષ્ણુ રમણભાઈ સાગરનો ફોન આવ્યો હતો અને કહ્યું કે હુ હાલ ગાંધીનગર સંત સરોવર ડેમ પાસે જાવ છું, તારે આવવું હોય તો આવ આપણે ફોટોગ્રાફી કરીએ. જેથી બપોરના સાડાચાર વાગે હું સંત સરોવર પાસે માર્ગ પર પહોંચ્યો હતો. ત્યાં તેની જી.જે.૧૮.બી.બી.-૦૭૩૩ પાર્ક કરી હતી. તેની બાજુમાં ફરીયાદીએ પોતાની કાર નં.જી.જે.૦૧.કે.એફ.-૨૮૦૧ પાર્ક કરી હતી. ત્યારબાદ ફોટોગ્રાફી કરીને માત્ર સવા કલાકમાં જ મિત્રો પરત ફર્યા હતા. ત્યારે ફરીયાદીની ગાડીનો ડ્રાઈવર સાઈડની પાછળનો દરવાજાનો કાચ તુટેલી હાલતમાં હતો અને અંદર રહેલી બેગ ગાયબ હતી. જેમાં નિકોન કંપનીનો લેન્સ કિ.રૂ.૫ હજાર, ત્રણ કેમેરાના મેમરી કાર્ડ કિ.૩ હજાર, કેમેરા બેટરની ચાર્જર કિં.૧ હજાર અને એક કિ પેડ મોબાઈલ કિ.૫૦૦ મળી કુલ રૂ.૯,૫૦૦ ની કિંમતની કેમેરાને લગતી ચીજવસ્તુની ચોરી થવા પામી છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફળ, ફુલ અને શાકભાજીના લારીવાળા ફેરીયાઓ જોગ

ગાંધીનગર, તા.૭

ફળ, ફુલ, શાકભાજી તથા નાશવંત કૃષિ પેદાશોનો બગાડ અટકાવવા નાના વેચાણકારોને વિના મુલ્યે છત્રી/શેડ કવર પુરા પાડવા સરકાર દ્વારા યોજના અમલી બનાવવામાં આવી છે. આ યોજનાનો લાભ લેવા માંગતા લાભાર્થીઓ તા ૧૫/૧૨/૨૦૨૦ સુધીમાં **i-khedut** પોર્ટલ પર અરજી કરી શકશે.

અરજી કર્યા બાદ તેની પ્રિન્ટ કાઢી સહી/અંગુઠો કરી પોતાના (૧) આધારકાર્ડ, (૨) રેશનકાર્ડ તથા (૩) ગ્રામ્ય વિસ્તારના ફેરીયાઓ માટે ગ્રામ સેવકનો દાખલો / શહેરી વિસ્તારના ફેરીયાઓ માટે ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશન દ્વારા અપાયેલ ઓળખ કાર્ડ જેવા સાધનિક કાગળો સાથે આ અરજી નિયત સમય મર્યાદામાં નાયબ બાગાયત નિયામકની કચેરી, પાંચમો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે મોકલવાની રહેશે. વધુ જાણકારી માટે નાયબ બાગાયત નિયામકની કચેરી, સી બ્લોક, પાંચમો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગરનો સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામકશ્રીએ જણાવ્યું છે.

## સે-૨૪ ચાર રસ્તાથી ‘ગ’ માર્ગ પર વધી રહેલા ગેરકાયદેસર દબાણો

ગાંધીનગર, તા.૮

શહેરમાં હજુ પણ ગેરકાયદેસર દબાણોની સમસ્યા યથાવત છે. બલ્કે તેમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. સેકટર-૨૪માં જયાં દબાણતંત્રએ અગાઉ અનેકવાર દબાણો હટાવવા મોટી કાર્યવાહી કરી હોવા છતાં આ વિસ્તારમાં નવા નવા દબાણો ફુલી ફાલી રહ્યા છે. ગ-રોડ પર સેકટર-૨૩ અને સેકટર-૨૪ના કોમર્શિયલ વિસ્તારોમાં લારી ગલ્લાના વધી રહેલા દબાણો તેમજ તેના કારણે વધી રહેલી અસામાજિક પ્રવૃત્તિઓ અંગે સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુકલ દ્વારા મેયરને પત્ર લખીને કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે.

સેકટર-૨૩ અને સેકટર-૨૪ વચ્ચેના ગ-રોડ પર ગ-૬ થી ગ-૫ તરફ જતા માર્ગ પર ચાની કિટલીઓ, લારી ગલ્લા સહિતના દબાણો દિન પ્રતિદિન વધવા લાગ્યા છે. ગ-રોડ પરના ઉમા ટુલ્સ, કમલ શુઝ જેવી દુકાનો આગળ નવા જ ગેરકાયદેસર દબાણો તાજેતરમાં વિકાસ પામ્યા છે જેમાં ચાની કિટલી, પાન-બીડીના ગલ્લા વગેરેનો સમાવેશ થાય છે. આ લારી ગલ્લાઓ પર આખો દિવસ લુખ્ખા તત્વોનો અડ્ડો જામે છે અને દારૂનુ વ્યસન કરીને અસામાજિક તત્વો છાકટા બનતા હોવાથી આ વિસ્તારની જનતાને પરેશાની થઈ રહી છે. જેને અનુલક્ષીને સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુકલએ મેયરને પત્ર લખી આ ગેરકાયદેસર દબાણો હટાવવા માંગ કરી છે. મેયર દ્વારા પણ મનપાની દબાણ શાખાને આ મામલે તાત્કાલિક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે.

## ગણેશોત્સવ સમિતિ દ્વારા પંઢરરાવ જગતાપને શ્રધ્ધાંજલિ

સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિના ઉપપ્રમુખ તથા સક્રિય સેવાભાવી કાર્યકર પંઢરરાવ જગતાપનું અચાનક અવસાન થતા સમગ્ર સમિતિના સભ્યો દુઃખની લાગણી વ્યકત કરે છે. સાથે એક આત્મીય સ્વજન અને સક્રિય કાર્યકરના અવસાનથી આવી પડેલ દુઃખને સહન કરવાની શકિત તેમના પરિવાર અને સમિતિના સભ્યોને આપે તેવી પ્રાર્થના સાથે તેમની આત્માને શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ તેમ સંસ્થાના પ્રમુખ નિશિત વ્યાસ, અરૂણ બુચ તથા અન્ય સભ્યો દ્વારા જણાવાયું છે.

## રાંધેજા ચોકડી પાસે બાઈક-ડમ્પર વચ્ચે અકસ્માત

ગાંધીનગર નજીક રાંધેજા ચોકડી પાસે બાઈક-ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં ડમ્પરની અડફેટે બાઈક ચાલક આવી જતા બન્ને માર્ગ પર પટકાયા હતા. જેથી બન્નેને શરીરે ઈજાઓ પહોંચી હતી, જેમાં ડમ્પરનું પૈંડુ એક ઈજાગ્રસ્તના પગ પર ફરી વળતા સારવાર અર્થે અમદાવાદ સિવિલ ખસેડાયા છે. બનાવ અંગે ડાહ્યાજી ઠાકોરની ફરીયાદ લઈ આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ કોતરપુર ઠાકોરવાસ નાગરભાઈ ની ચાલી ખાતે રહેતા ડાહ્યાજી આતાજી ઠાકોર (ઉં.૪૦) પોતાના પરિવાર સાથે રહે છે. નરોડા રેવલોન કંપનીમાં હેલ્પર તરીકે કામ કરે છે.ત્યારે નોકરી પર આવન જાવન માટે સ્પ્લેન્ડર બાઈક નં.જી.જે.૦૧.યુ.આર. ૬૯૬૩ ઉપયોગ કરુ છું. જયારે ગત રવિવારના રોજ ફરીયાદીના કાકાના દિકરા ભરતભાઈ ઠાકોરનો દિકરો નગીનભાઈ કામઅર્થે માણસાના ધોળાકુવા ગામે જવાનું હોવાથી બપોરના એક વાગ્યાના અરસામાં નગીનભાઈ અને ભરતભાઈ નીકળ્યા હતા. જયારે બપોરે અઢી વાગે કોલ આવ્યો હતો કે તમારા ભાઈ ભરતભાઈ અને નગીનભાઈને રાંધેજા પાસે અકસ્માત નડ્યો છે. બંન્ને ઈજાગ્રસ્તોને પહેલા ગાંધીનગર અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ ગયા હતા. જેથી ફરીયાદી અમદાવાદ સિવિલ પહોચ્યા હતા, ત્યાં જઈને જોયુ તો ભરતભાઈને અકસ્માતમાં ડાબા પગે ટ્રકનું ટાયર ફરી વળતા હાડકા સાથે ડાબા પગનું તળીયુ લટકી પડ્યું હતું. જયારે નગીનભાઈ બંને પગે અને માથાના ભાગે ઈજા થઈ હતી. અકસ્માત અંગે ફરીયાદીએ પુછતા ભરતભાઈએ જણાવ્યું હતું કે ગાંધીનગર પસાર કરી રાંધેજા ચોકડી તરફ આવતા એક આઈવા ટ્રક નં.જી.જે.૧૮.એ.યુ.-૮૨૫૭ પેથાપુર તરફથી પુરપાટ ઝડપે આવી બાઈકને અડફેટે લેતા બાઈક સવાર નીચે પડી ગયા હતા.જયારે ભરતભાઈના ડાબા પગ પર ડમ્પરનુ પૈંડુ ફરી વળતા ચાલક ડમ્પર મુકીને ભાગી ગયો હતો. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## તું પાંચ લાખ અને ગાડી લાવે, તારા પપ્પા ઘર બનાવી આપે તો લગ્ન કરું

### ભાવિ શ્વસુરની બિમારીમાં સેવા કરવા આવી રોકાઈ ગયેલી વાગ્દત્તાએ શ્વસુરના અવસાન પછી લગ્ન કરવા પ્રસ્તાવ મુકતા ભાવિ પતિએ પોત પ્રકાશ્યું

ગાંધીનગર, તા.૮

માનવીના જીવનમાં સંબંધોનું મહત્વ ખૂબ રહેલું છે પછી ભલે તે લોહીના સંબંધ હોય કે ભાવનાત્મક કે સામાજિક રીતે બંધાયેલા સંબંધ હોય. જો કે કેટલાંક વ્યકિતઓ સંબંધના સમીકરણોનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે કરે છે અને સ્વાર્થ પુરો થતા સંબંધનો છેદ ઉડાવતા સ્હેજ પણ ખચકાતાં નથી તેવી પરિસ્થિતિ સમાજમાં અનેકવાર જોવા મળે છે. આવા જ એક કિસ્સામાં ગાંધીનગર જિલ્લાની એક યુવતી સગપણના સંબંધે બંધાઈને ભાવિ શ્વસુરની બિમારીમાં સેવા સુશ્રુષા કરવા સાસરિયે રહેવા ગઈ અને લાંબી બિમારી બાદ શ્વસુરનું અવસાન થઈ ગયા પછી ભાવિ પતિઓ પોતાના વાગ્દત્તાની સેવા તથા ત્યાગને ભુલાવી લગ્ન માટે મોટા દહેજની શરત મુકતા યુવતી હેબતાઈ જવા પામી હતી.

બે દિવસ પહેલા ગાંધીનગર જિલ્લાના રખિયાલના ઈન્દિરાનગર વિસ્તારમાંથી ૧૮૧ અભયમ્ ટીમને એક યુવતીનો કોલ આવ્યો હતો. જેમણે એક વ્યકિત જેની સાથે પોતાની સગાઈ થયેલી છે અને એક વર્ષ પહેલા બિમાર પડેલા પોતાના શ્વસુરની સેવા કરવા તેમના ઘરે રહેવા આવી હતી પરંતુ બિમારીમાં શ્વસુરનું અવસાન થયા પછી ઘરમાં સાસુ કે નણંદ જેવું અન્ય કોઈ મહિલા સભ્ય ના હોવાથી ભાવિ પતિને ઘરકામની પડતી તકલીફમાં મદદરૂપ થવા રોકાઈ ગયા હતા. આ દરમિયાન તેમણે પતિને લગ્ન કરી લેવા અનેકવાર જણાવ્યું ત્યારે પતિએ ‘પિતાનું તાજેતરમાં અવસાન થયું હોવાથી હમણાં લગ્ન ના કરી શકાય’ જેવા બહાના કરી લગ્નને ટાળી દીધું ત્યારે યુવતિએ સાદાઈથી રજીસ્ટર મેરેજ કરવાનો પ્રસ્તાવ પણ મુકયો હતો જેનો પણ ભાવિ પતિએ ઈન્કાર કરી તેની સામે ‘જો તું તારા પિતા પાસેથી પાંચ લાખ રૂપિયા તથા ગાડી લાવે અને તારા પપ્પા રહેવા માટે ઘર બનાવી આપે તો જ તારી સાથે લગ્ન કરું’ જેવી શરત મુકી યુવતી સાથે મારકુટ કરતાં યુવતિએ કંટાળીને ૧૮૧ અભયમ્ હેલ્પલાઈનનું શરણું લીધું હતું. આ યુવતિએ તેના ભાવિ પતિએ શારીરિક શોષણ અને માનસિક હેરાનગતિ પણ કરી હોવાની ફરિયાદ પણ વ્યકત કરી હતી જેના પગલે ગાંધીનગરની અભયમ્ ની ટીમ તુરંત યુવતિએ જણાવેલા સરનામે પહોંચી હતી પરંતુ તે પહેલા યુવતિનો ભાવિ પતિ ત્યાંથી ફરાર થઈ ગયો હતો અને પોતાની બહેનના ઘરે ગયો હોવાની માહિતી મળતા યુવતિ સાથે અભયમ્ ની ટીમ ત્યાં પણ પહોંચી પરંતુ તે ઈસમ ત્યાંથી પણ ભાગી ગયો હોવાથી અંતે અભયમ્ ટીમે યુવતિને રખિયાલ પોલીસ સ્ટેશને લઈ જઈ અરજી કરાવડાવી હતી.




## ન્યુ વાવોલ વિસ્તારમાં ભારે વાહનોની અવરજવરને લીધે રહીશોને હાલાકી

ગાંધીનગર, તા.૮

લોકડાઉન કાળ બાદ બંધ પડી ગયેલી સાઈટ સાથે કન્સ્ટ્રકશનના કામ ધમધોકાર શરૂ થઈ ગયા છે. નવા સેકટરો ઉપરાંત શહેરના ન્યુ વાવોલ વિસ્તારની આસપાસ પણ રોડ સાથે કન્સ્ટ્રકશન સાઈટનું કામ ચાલુ છે. ઉપરાંત બાયપાસ રોડ પણ ત્યાં આવેલો છે ત્યારે ભારે વાહનોની અવરજવરને કારણે ન્યુ વાવોલ વિસ્તારના રહીશોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ન્યુ વાવોલ વિસ્તાર સ્થિત સોસાયટી શાલીન-૩/૪/૫, સંકલ્પ, નિલકંઠ વિલા અને અનેક સોસાયટીના રહીશોની માંગ છે કે ભારે વાહનોની અવરજવર ઓછી કાંતો બંધ કરાવવામાં આવે જેથી તેઓ નિર્ભય રીતે બાળકોને પણ બહાર જવા દઈ શકે ઉપરાંત અકારણીય અકસ્માતથી બચી શકે.

આજે માસ્ક પહેર્યા વગર અને હેલ્મેટ પહેર્યા વગર શહેરીજનોને બહાર નીકળવું મુશ્કેલ છે. માસ્ક વગર કોરોનાનો ડર અને હેલ્મેટ વગર અકારણીય અકસ્માતનો ડર શહેરીજનોને હંમેશા રહે છે. શહેરના ન્યુ વાવોલ વિસ્તારના રહેવાસીઓનું કહેવું છે કે તેમના ઘરની બહાર ભારે વાહનોની અવરજવરને કારણે તેઓ ઘરની બહાર જતા ગભરાય છે અને વાહન ચલાવતી વખતે પણ પૂરતી તકેદારી રાખવી પડે છે. ભારે વાહનોની ગતિ મર્યાદા હોતી જ નથી. સતત સ્પીડમાં જતા ભારે વાહનને બ્રેક લગાવવી પણ મુશ્કેલ હોય છે. આ વાતની જાણ હોવાથી નાના વાહન ચાલકને સતત આ વિસ્તારમાં વાહન ચલાવવાનો ભય સતાવતો રહે છે. આમ, પણ વાવોલ વિસ્તારમાં પાછલા સમયમાં ઘણા અકસ્માતના કિસ્સા સામે આવ્યા છે ત્યારે હવે આ ભારે વાહનોની અવરજવરને કારણે કોઈ પણ શહેરીજનોને નુકશાન થાય તે વ્યાજબી નથી. ન્યુ વાવોલ વિસ્તારના રહેવાસીઓની માંગ છે કે ભારે વાહનોને બાયપાસ રોડ પર ડાયવર્ટ કરવામાં આવે તો આ અવરજવરથી અને ભારે વાહનોના ડરથી બચી શકાય.



## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. પટેલ મણીબેન માધવલાલ, ઉ.વ. ૭૨, સરગાસણ, ગાંધીનગર
- સ્વ. માલતીબેન કિરીટભાઈ પટેલ, ઉ.વ. ૭૩, સે-૭, ગાંધીનગર
- સ્વ. મધુકાન્તાબેન હરિવલ્લભ જાની, દોલારાણા વાસણા, તા. ગાંધીનગર
- સ્વ. અમાજી અભરાજજી ઠાકોર, ઉ.વ. ૬૩, શિહોલી મોટી, તા. ગાંધીનગર
- સ્વ. લલીતકુમાર મગનભાઈ પરમાર, ઉ.વ. ૫૮, સેકટર-૨૩, ગાંધીનગર
- સ્વ. પટેલ નાથાભાઈ અમિચંદભાઈ, કમાલપુર, તા. પ્રાંતિજ, સાબરકાંઠા
- સ્વ. મનોજ દાનસિંહ રાવત, ઉ.વ. ૫૭, સે-૩૦, ગાંધીનગર
- સ્વ. રાવળ લક્ષ્મણભાઈ શંકરભાઈ, ઉ.વ. ૭૫, સેકટર-૫, ગાંધીનગર
- સ્વ. નટવરસિંહ ગેમાસિંહ પરમાર, ઉ.વ. ૫૭, સેકટર-૫, ગાંધીનગર
- સ્વ. કોલી ભૂરીબેન ભૂરા, ઉ.વ. ૭૮, સેકટર-૭, ગાંધીનગર
- સ્વ. રમેશચંદ્ર કાન્તીલાલ કડીયા, ઉ.વ. ૬૨, સે-૩, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. બળદેવભાઈ મંગળદાસ નાયક, ઉ.વ. ૭૮, વામજ, તા.કડી, મહેસાણા
- સ્વ. સુમનબાલા રાજેન્દ્રકુમાર, ઉ.વ. ૪૯, વાવોલ, ગાંધીનગર
- સ્વ. જશોદાબેન અમૃતલાલ ગાંધી, ઉ.વ. ૮૬, અડાલજ, તા. ગાંધીનગર
- સ્વ. કાંતિલાલ કનૈયાલાલ દવે, ઉ.વ. ૬૨, સાબરમતી, અમદાવાદ